## (૩)દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહીત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતી

| | | |
|---|---|---|
| * | લાભાર્થીની પાત્રતા | ૧. અરજદાર ૨૧ વર્ષથી ૫૦ વર્ષ સુધીના હોવા જોઇએ.<br>૨. અરજદાર ઠાકોર અને કોળી જાતિના તથા તે પૈકીની પેટાજાતિના હોવા જોઇએ.<br>૩. અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે અને રૂ.૧,૨૦,,૦૦૦/- સુધીની હોવી જોઇએ.<br>૪. અરજદારે રેશનકાર્ડ,ચુંટણીકાર્ડ અને આધારકાર્ડ રજુ કરવાનું રહેશે.<br>૫. અરજદારને સંબંધિત વ્યવસાય/ઉદ્યોગ ધંધાનું જ્ઞાન/અનુભવનો દાખલો અને ક્વોટેશન રજુ કરવાના રહેશે. |
| * | લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો | ૧. નિગમ દ્વારા ઠાકોર અને કોળી જાતિના ઇસમો માટે સીધાધિરાણ લોન હેઠળ દૈનિક વર્તમાનપત્રોમાં/ સરકારી માધ્યમો દ્વારા જાહેરાત આપવામાં આવે ત્યારે સંબંધિત જિલ્લા કચેરીમાંથી નિયત સમય મર્યાદામાં લોન - અરજીપત્રક મેળવવું.<br>૨. અરજીપત્રક ભરી ઊપર દર્શાવેલ સાધનિક કાગળો સહિત નિગમની કચેરી અથવા જિલ્લા કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવુ. |
| * | કાર્યક્રમનો લાભ લેવાની પધ્ધતિ | ૧. અરજદારે સમયમર્યાદામાં અરજીપત્રક મેળવવુ.<br>૨. યોગ્ય રીતે ભરી સાધનિક કાગળો સહિત જિલ્લા કચેરી અથવા નિગમની કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવુ.<br>૩. નિગમ દ્વારા અરજીપત્રક ચકાસણી.<br>૪. જરૂરી સાધનિક કાગળોની પુર્તતા.<br>૫. માન્ય અરજી પત્રકોની ઉદ્યોગ / ધંધા પ્રમાણે યાદી તૈયાર કરવી.<br>૬. ઠરાવ મુજબ લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા લાભાર્થીઓની પસંદગી.<br>૭. લાભાર્થીઓની સ્થળ પર ચકાસણી.<br>૮. લાભાર્થીઓ પાસે જરૂરી દસ્તાવેજીકરણ.<br>૯. લોન/રકમ/વ્યવસાયના પ્રમાણમાં લોન / ધિરાણ<br>૧૦. લોન રીકવરી. |
| * | ક્ષમતા નક્કી કરવા માપદંડો | ૧. ગરીબી રેખા હેઠળની આવક મર્યાદાવાળા લાભાર્થીની પ્રથમ પસદગી.<br>૨. દિવ્યાંગ/ વિધવા/ ત્યકતા/ મહિલા અને અનાથ લાભાર્થી..<br>૩. રાજયના સૌથી આર્થિક પછાત તાલુકા પૈકીના લાભાર્થીને તથા<br>૫. આવક મર્યાદામાં ઓછી વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે. |
| * | કાર્યક્રમમાં આવેલ લાભની વિગતો | સીધાધિરાણની યોજના અંતર્ગત વિવિધ વ્યવસાય/ ઉદ્યોગ માટે રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા માન્ય યુનિટ તેમજ રાજયના કુટીર ઉદ્યોગ દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ યુનીટ કોસ્ટ મુજબ પસંદગી પામેલ લાભાર્થીઓને ૮૫ % થી ૯૦ % સુધીની લોન વાર્ષિક ૪ % થી ૬ % ના વ્યાજ દરથી આપવામાં આવશે. તેમજ જો નિયમિત હપ્તા ન ભરે તો બાકી હપ્તા પર ૬ % નિયમિત વ્યાજ તથા ૧૨ % દંડનીય વ્યાજ મળી કુલ - ૧૮ % વ્યાજ વસુલ કરવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય (સબસીડી) ની કોઇ જોગવાઇ નથી. |
| * | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | ૧. નિગમ અમલીત યોજનાઓમાં નિગમ દ્વારા વ્યવસાય/ ઉદ્યોગ શરૂ કરવા માટે RTGS/NEFT થી લોનની રકમ ચુકવવામાં આવશે.<br>૨. કોઇ સંજોગોમાં જિલ્લા મથકે / જાહેર સ્થળે સરકારી કાર્યક્રમથી લાભાર્થીઓને રૂબરૂમાં લોનનું વિતરણ કરવામાં આવશે. |
| * | અરજી કયા કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | ૧. અરજીપત્રક વર્તમાન પત્રોમાં જાહેરાત આપ્યા બાદ નિયત સમય ગાળામાં ગાંધીનગર સ્થિત નિગમની કચેરમાંથી મળી શકશે.<br>૨. દરેક જિલ્લાઓમાં જિલ્લા મથકે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) ની બહુમાળી ભવન ખાતે આવેલ કચેરીમાંથી જાહેરાત આપ્યા બાદ નિયત સમય ગાળામાં મળી શકશે |
| * | અરજી ફી | જાહેરાત આપ્યા બાદ જાહેરાતમાં જણાવ્યા મુજબ) |
| * | અન્ય ફી | લાભાર્થીની પસંદગી / ચકાસણી બાદ યોગ્ય ઠરેલ લાભાર્થીને દસ્તાવેજીકરણ અને સ્ટેશનરી ચાર્જ પેટે સમયાંતરે નક્કી કરવામાં આવે તે ફી ચુકવવાની રહેશે. |
| * | અરજીપત્રકનો નમુનો | જાહેરાત આપ્યા બાદ બહાર પાડવામાં આવે છે. અત્રેના નિગમની વેબસાઇટ www.sje.gujarat.gov.in/gtkvn ઉપરથી પણ અરજીપત્રક મેળવી શકાય છે. |

| | | |
|---|---|---|
| * | બિડાણોની યાદી | અરજદારની અરજી લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા મંજુર થતાં નીચે દર્શાવેલ દસ્તાવેજો સામેલ કરવાના રહેશે.<br>૧. રેશનકાર્ડ/ બી.પી.એલ. કાર્ડ/ આધાર કાર્ડ/ચુંટણી કાર્ડની નકલ.<br>૨. તાજેતરનો અરજદારનો પાસપાર્ટ સાઇઝનો ફોટો.<br>૩. વાર્ષિક આવક/ જાતિના સક્ષમ અધિકારીના દાખલાની નકલ.<br>૪. વ્યવસાય/ ઉદ્યોગની આવડત/ ક્વોટેશન/ અનુભવ અંગેના પ્રમાણપત્રો.<br>૫. વ્યવસાયના સ્થળ અંગે સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ લાયસન્સની નકલ.<br>૬. અરજદાર અને જામીનદારોના મિલકત અંગેના જરૂરી આધાર - પૂરાવા.(૭/૧૨ અને ૮-અના ઊતારા અથવા મકાનની અસલ આકારણી અને વેરાપહોંચ)<br>૭.મેળવેલ લાયકાતના પ્રમાણપત્રની નકલ.<br>૮.રાષ્ટ્રીયકૃત બેંકના પાંચ પોસ્ટ ડેટેડ ચેક |
| * | બિડાણનો નમુનો | સાદા કાગળ પર વિગતો સાથે બિડાણ કરી શકાય.<br>આ સરનામે બિડાણ કરવાનું રહેશે.<br>મેનેજીંગ ડિરેકટરશ્રી,<br>ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ<br>ભોયંતળિયે, ર્ડા.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.-૧૬, સેકટર-૧૦.એ, ગાંધીનગર. પી.કોડ નં.૩૮૨૦૧૦ |
| * | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો. | ઉપરોકત દર્શાવેલ સરનામે ટપાલથી કે ટેલીફોનથી સંપર્ક કરી શકાય. આ ઉપરાંત દરેક જિલ્લા મથકે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ની કચેરીનો સંપર્ક રૂબરૂ / ફોન કે ટપાલથી કરી શકાય. |